

## સે.૧૧માં રોડ પર જ મુકેલી ડસ્ટબીન અકસ્માત નોંતરશે..!!

ગાંધીનગરના સેક્ટર-૧૧ના એચપી પેટ્રોલપંપથી અખબાર ભવન સુધીનો કોમર્શિયલ વિસ્તાર દિવસના સમયે નિયમિતપણે અત્યંત ગીચ ટ્રાફિક ધરાવે છે અને અત્યારે તહેવારના સમયે આ વિસ્તારના ટ્રાફિકમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. આ સમયે ચ માર્ગ પરથી પેટ્રોલ પંપ તરફ પ્રવેશવાના માર્ગે વળાંક પાસે જ એક મોટી ડસ્ટબીન રોડ પર એવી સ્થિતિમાં છે જે વાહનચાલકો માટે ભારે અડચણરૂપ બનવા સાથે અકસ્માતના જોખમ સમાન બની રહી છે. વળી, આ ડસ્ટબીન પાસેથી પસાર થતાં તેમાંથી વછુટી રહેલી દુર્ગંધ પણ વાહનચાલકો માટે પરેશાનીરૂપ બની રહી છે.

# બાળકોને પોલીસ શોધતી રહીને... બાળકો સોમનાથ પ્રવાસ ખેડીને આવ્યા..!

### ગાંધીનગરથી કાલુપુર બાળકો ચાલતા ગયા, ટ્રેનમાં બેસીને સોમનાથ પહોચ્યા અને અમદાવાદ થઈને ગાંધીનગર આવ્યા. બાળકો મળી આવતા પોલીસની વિવિધ ટીમે હાશકારો અનુભવ્યો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે આવેલા બાળ સંભાળ ગૃહમાંથી તાજેતરમાં ૭ બાળકો શાળાએથી નાસી ગયા હતા. બાળકોને શોધવા માટે સ્થાનિક પોલીસ સહિત વિવિધ ટીમો કામે લાગી હતી. ત્યારે સેકટર-૨૧ સ્થિત બંધ રહેણાંક મકાન પાસેથી બાળકો હેમખેમ મળી આવતા પોલીસે હાશકારો અનુભવ્યો છે. ત્યારે સંસ્થાના ગુમ થયેલા બાળકો કાલુપુર રેલ્વે સ્ટેશન અને ત્યાંથી ટ્રેનમાં બેસીને સોમનાથ ગયા હતા. સોમનાથ દર્શન બાદ ગાંધીનગર ખાતે પરત ફર્યા હતા. જયારે ગુમ થયેલા બાળકોને એક તરફ પોલીસ શોધતી હતી બીજીતરફ બાળકોએ સોમનાથનો પ્રવાસ કરી લીધો હતો..!

શહેરના સેકટર-૧૭ સ્થિત બાળ સંભાળ ગૃહમાંથી છેલ્લા બે માસથી બાળકો નાસી જવાનો સિલસિલો યથાવત રહ્યો છે. સંસ્થામાંથી સમયાંતર રાત્રીના સમયે બાળકો નાસી ગયા બાદ પોલીસ તપાસ ચાલી રહી હતી. તે અરસામાં સેકટર-૨૧ પ્રાથમિક શાળા અને સેકટર-૧૬ માધ્યમિક શાળા ખાતે ભણવા ગયેલા ૭ બાળકો પરત ન ફરતા ચકચાર મચી જવા પામી હતી. અત્યાર સુધીમાં સંસ્થામાંથી ૧૩ બાળકો નાસી જતા શહેરમાં આ મુદ્દો ચર્ચાના ચકડોળે ચડ્યો હતો. ત્યારે સ્થાનિક પોલીસ સહિત વિવિધ ટીમો બાળકોને શોધવા માટે એડીચોટીનો જોર લગાવી રહી હતી. પોલીસે ગાંધીનગર મહાનગર પાલિકા તેમજ અન્ય કેમેરાના સીસીટીવી ફુટેજની પણ ચકાસણી કરી હતી. પોલીસની ટીમો બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, ગાર્ડન, ખાણીપીણી બજાર, મનોરંજન સ્થળો અને ભીડવાળી જગ્યા પર શોધી રહી હતી.

ત્યારે સંસ્થામાંથી નાસી ગયેલા ૭ બાળકો સોમનાથના પ્રવાસે ગયા હોવાનું આધારભુત સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. તમામ બાળકો ચાલતા ચાલતા કાલુપુર રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા. ત્યારબાદ સોમનાથ જતી ટ્રેનમાં બેસીને સોમનાથ પહોંચ્યા હતા. સોમનાથમાં મહાદેવના દર્શન કરીને બજારમાં ફરીને પરત ટ્રેનમાં બેસીને અમદાવાદ આવી પહોચ્યા હતા. ત્યારબાદ ચાલતા ચાલતા ગાંધીનગર સેકટર-૨૧ ખાતે આવીને સરકારી મકાન પાસે બેઠા હતા.

ત્યારે સેકટર-૨૧ પીઆઈ એમ.બી.ભરવાડને મળેલી બાતમીને પગલે ગુરુવારના રોજ બાળકો પોલીસને સેકટર-૨૧ બંધ રહેણાંક મકાન પાસેથી હેમખેમ મળી આવતા રાહતનો દમ લીધો હતો. ત્યારબાદ પોલીસે તમામ બાળકોનું કાઉન્સેલીંગ કરી કાનુની પ્રક્રિયા હાથ ધરી હતી.

## આદિવાડા અશ્વમેઘ ફ્લેટ સામે પાર્ક કરેલી ઈકોનું સાયલેન્સર ચોરાયું

આદિવાડા અશ્વમેઘ ફ્લેટ એ-૬ ખાતે રહેતા ચિરાગ શંકરભાઈ સોલંકી પોતાના પરિવાર સાથે રહે છે. જયારે ચિરાગ સોલંકી સેકટર-૨૫ ખાતે આવેલ તિરૂપતિ એન્જીનિયરીંગ કંપની માં હિસાબનીશ તરીકે છેલ્લા આઠ વર્ષથી ફરજ બજાવે છે. ઈકો કાર નં. જી.જે.૧૮. બી.એમ.-૨૦૮૭ નો ઉપયોગ કામ અર્થે કરતા હતા. ગત તા. ૨૬ ના રોજ રાત્રીના નવ વાગ્યાની આસપાસ ચિરાગભાઈ તેમજ તેમના ભાઈ અમદાવાદથી ઘરે આવી ઈકો ફલેટ નીચે કોમન પ્લોટમાં પાર્ક કરી હતી. ત્યારબાદ સવારે કામ અર્થે બહાર જવાનું હોવાથી ઈકોનુ લોક ખોલીને અંદર બેસીને ગાડી ચાલુ કરતા અવાજ બલલાયેલો લાગ્યો હતો. જેથી અવાજ અંગે ઈકોની નીચે જોતા સાયલેન્સર ન હતું. જયારે સાયલેન્સરના બોલ્ટ પડેલા હતા.જેથી સાયલેન્સર ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ચિરાગ સોંલંકીએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર લગ્ન શાખામાં ફરજ બજાવતો કલાર્ક લાંચ લેતા ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના ખ-૫ સર્કલ પાસે આવેલી સર નિરીક્ષકની કચેરીમાં લગ્ન શાખામાં ફરજ બજાવતો જુનીયર કલાર્ક લગ્ન સર્ટીફાઈડ નકલ આપવાની અવેજીમાં રૂ.૨૫૦૦ ની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગુજરાત રાજયમાં ખ્રિસ્તી ધર્મમાં જે લગ્ન ચર્ચમાં થતા ન હોય તે લગ્નોની નોંધણી રજીસ્ટ્રારની કચેરી ખાતે કરવામાં આવતી હોય છે.જે અન્વયે ફરીયાદીએ લગ્નનું નોંધણી પ્રમાણપત્ર માટે નોંધણી સર નિરીક્ષકની કચેરી, સ્ટેમ્પ અને નોંધણી ભવન સેકટર-૧૪ ખાતે જમા કરાવી સરકારી રજીસ્ટરમાં કાયદેસરની



નોંધણી કરાવી હતી.આ સર્ટીફાઈડ નકલ માટે અત્રેની કચેરના જુનિયર કલાર્ક કલ્પેશ વઘેલાએ ફરીયાદીના કરાવેલ કુલ-૩૩ લગ્નોની નોંધણીની સર્ટીફાઈડ કોપી માટે એક નકલ દીઠ રૂ.૧૦૦ નકકી કર્યા હતા.

જયારે રાઉન્ડ ફીગર રૂ.૩૫૦૦ નકકી કર્યા હતા. જયારે ૧ હજાર રૂપીયા આરોપીએ પહેલા જ પ્રિ-રેકોંડીગ સમયે ફરીયાદી પાસેથી લીધા હતા. જયારે બાકીના રૂ.૨૫૦૦ ફરીયાદી આપવા માંગતા ન હોવાથી એસીબી કચેરીનો સંપર્ક કર્યો હતો.

જેથી આજરોજ લાંચનું છટકુ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ફરીયાદી પાસેથી કલાર્ક કલ્પેશ વાઘેલાએ વાતચીત કર્યા બાદ લાંચના બાકીના રૂ.૨૫૦૦ સ્વીકારતા જ એસીબી પોલીસ મથકના પીઆઈ એચ.બી.ચાવડા સહિતની ટીમે કલાર્કને લાંચ લેતા રંગેહાથ પકડી પાડ્યો હતો.

## રેલ્વેની જગ્યામાં મંજુરી વિના પશુ ચરાવતા માલિક સામે ગુનો નોંધાયો

શહેરના સે-૨૬ ફાટક પાસે મંગળવારના રોજ યોગનગરી એકસપ્રેસની અડફેટે આવેલા ૨ પશુઓના ગંભીર ઈજાને મૃત્યું નિપજયા હતા. જયારે બે પશુઓ ઈજાગ્રસ્ત થયા હતા. રેલ્વે વિભાગના સ્થળ પર મંજુરી વિના પશુઓને પ્રવેશવા અંગે તેના માલિક સામે રેલ્વે પોલીસ દ્વારા રેલ્વે અધિનિયમ હેઠળ ફરીયાદ દાખલ કરાઈ હતી. ગાંધીનગર થી હરીદ્વાર જતી યોગનગરી એકસપ્રેસને ગત મંગળવારના રોજ સે-૨૬ ફાટક પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં ટ્રેનની અડફેટે ૪ પશુઓ આવ્યા હતા જેમાં બેના મૃત્યુ થયા હતા જયારે બે ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. આરપીએફની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી. અકસ્માત બાદ કાર્યવાહી કર્યા પછી પોલીસે તેમની ટીમ સાથે રેલ્વે વિભાગની જગ્યામાં મંજુરી વિના પશુઓ ચરાવતા પશુમાલિકોની શોધખોળ આદરી હતી. સે-૨૬ ખાતે રહેતા પશુમાલિક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.



## ભૂંડ વચ્ચે આવતા કારે પલટી મારી...

ગાંધીનગર શહેરના જ માર્ગ પર ગતરોજ રાત્રીના સમયે અચાનક માર્ગ વચાળે ભુંડ આવી જતા કારના ચાલકે કાબુ ગુમાવતા કાર પલ્ટી મારી ગઈ હતી. જેમાં કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો.જયારે કારને ભારે નુકશાન થયું હતું. જયારે કાર માલિક ગાંધીનગર સરકીટ હાઉસના મેનેજર હોવાનું સામે આવ્યું હતું. આ અકસ્માતમાં તેઓને ઈજા પહોંચતા ત્રણ ટાંકા આવ્યા હતા. જયારે અકસ્માતને પગલે રાત્રે મોટી સંખ્યામાં વાહનચાલકો એકઠા થઈ ગયા હતા.

# રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીનું એરપોર્ટ ખાતે ઉષ્માપૂર્ણ સ્વાગત

ગુજરાતની મુલાકાતે આવેલા ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીનું આજે સવારે અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીને ઉમળકાભેર આવકાર્યા હતા. રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદજી આવીતીકાલે ભાવનગર જિલ્લા અને શહેરની મુલાકાત લઈને ભાવનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે રૂ. ૬૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૧૦૮૮ આવાસોનું લોકાર્પણ કરશે. રાષ્ટ્રપતિશ્રી તેમના આ કાર્યક્રમ દરમિયાન ભાવનગર જિલ્લાના તલગાજરડા ખાતે મોરારીબાપુના આશ્રમની મુલાકાત પણ લેશે.

રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત પ્રોટોકોલ મંત્રી જગદીશભાઈ પંચાલ, અમદાવાદના મેયર કિરીટભાઈ પરમાર, મુખ્ય સચિવ પંકજ કુમાર, એર માર્શલ વિક્રમસિંઘ, સામાન્ય અધિક મુખ્ય સચિવ એ.કે. રાકેશ, પોલીસ વડા આશિષ ભાટીયા, બ્રિગેડિયર સંજયકુમાર શેરોન, ચીફ પ્રોટોકોલ ઓફિસર જવલંત ત્રિવેદી, પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ અને જિલ્લા કલેક્ટર સંદિપ સાગલે ઉપસ્થિત રહ્યા હતા.

## SHARE INDIA SECURITIES LIMITED

Share India — You generate, we multiply

CIN: L67120GJ1994PLC115132

Regd. Office: Unit No. 604-A, 604-B, 605-A, 605-B, 6th Floor, Tower-A, World Trade Center, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City Gandhinagar, Gujarat-382355

Tel: +91-0120-4910000; Website: www.shareindia.com; Email: vikas_cs@shareindia.com

**EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2021**

Amount in Lacs (Except EPS)

| Sr. No. | Particulars | Quarter Ended 30.09.2021 | Quarter Ended 30.09.2020 | Half Year Ended 30.09.2021 |
|---|---|---|---|---|
| | | Unaudited | Unaudited | Unaudited |
| 1 | Total income from operations | 21,826.20 | 8,311.47 | 37,289.57 |
| 2 | Net Profit/ (Loss) for the period (before tax, Exceptional and/or Extraordinary items) | 6,367.02 | 1,811.00 | 10,866.38 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 5,667.56 | 1,811.00 | 10,166.92 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 4,280.36 | 1,385.67 | 7,698.57 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax) | 4,342.61 | 1,837.98 | 7,724.11 |
| 6 | Paid up Equity Share Capital (Face Value ₹10/-) | 3,190.66 | 3,190.66 | 3,190.66 |
| 7 | Earning Per Share (of ₹10/- each) Basic and diluted | 13.42 | 4.34 | 24.13 |

"**Notes: (1)** The above is an extract of the detailed format of result for quarter and half year ended on 30th September, 2021 filed with stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said results are available on the website of BSE at **www.bseindia.com** and NSE at **www.nseindia.com** as well as on the Company's website at **www.shareindia.com.**

**(2)** The key information of Standalone Financial Results for quarter and half year ended on 30th September, 2021 are as follows:"

| S.No. | Particulars | Quarter Ended 30.09.2021 | Quarter Ended 30.09.2020 | Half Year Ended 30.09.2021 |
|---|---|---|---|---|
| 1 | Turnover | 16312.33 | 7313.37 | 28114.47 |
| 2 | Profit before tax | 4700.17 | 1509.78 | 7905.87 |
| 3 | Profit after tax | 3810.17 | 1130.25 | 6225.35 |

"**(3)** The standalone and consolidated figures for revenue from operations for FY21 and Q4 FY21 has been adjusted for STT directly as this is a direct expense. Consequently, Q2 FY21 figures for revenue from operation and expenses items have also been updated to arrive at the comparable figures. STT subtracted from Revenue from operation and Expenses items in Consolidated & Standalone results for Q2 FY21 and Half year FY21and are INR 2,252.33 Lacs and INR 4,084.30 Lacs, respectively."

4) Share India Securities Limited including its subsidiary companies are engaged in the business of trading securities and investments wherein interest income and dividend income are a part of operational income. Thus, consolidated & standalone figures for revenue from operations for FY21 and Q4FY21 have been adjusted for the same. Consequently, Q2FY21 and Half Year FY21 figures for revenue from operation and other income items have also been updated to arrive at the comparable figures. Interest & dividend incomes added to revenue from operations by shifting the same from other incomes item in respect of consolidated results for Q2FY21 are INR 383.4 Lacs and for Half Year FY21 are INR 716.84 Lacs, while the same figures in respect of standalone results for Q2FY21 are INR 383.40 Lacs and for Half year FY21 are INR 702.81 Lacs.

By order of the Board
For Share India Securities Limited
Sd/-
Praveen Gupta
Chairman & Managing Director
DIN : 00013926

Place : Noida
Date : 27.10.2021

## જાહેર ચેતવણી

આથી અમો સુહાગ આર. ઉપાધ્યાય એડવોકેટ અમારા અસીલ શ્રીમતી સોનલબેન ગોવિંદસિંહ વાઘેલા રહે. ફ્લોટ નં. ૮/બી, ગ્રીનસિટી, મુ.પો. વાવોલ, તા. જિ. ગાંધીનગરની સૂચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે...,

અમારા અસીલ શ્રીમતી સોનલબેન ગોવિંદસિંહ વાઘેલાના પુત્ર નામે રાજપાલસિંહ દિલીપસિંહ ચૌહાણનાઓ અમારા અસીલના કહ્યામાં નથી. જેથી અમારા અસીલે તેમના પુત્ર રાજપાલસિંહ દિલીપસિંહ ચૌહાણનાઓને સ્થાવર અને જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે અને તેની સાથે કોઈ પણ જાતનો સામાજિક સંબંધ રાખેલ નથી. જેથી અમારા અસીલના પુત્ર રાજપાલસિંહ સાથે કોઈ પણ જાતના વ્યવહારો કરવા નહિ કે કરાવવા નહીં અને જો તેમ કરવામાં કસૂર કરશો તો તેવા વ્યવહારો અમારા અસીલને બંધનકર્તા કે કબૂલ મંજૂર રહેશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારા અસીલની સૂચના
અને ફરમાઈશથી

**સુહાગ આર. ઉપાધ્યાય (એડવોકેટ**
(મો.) : ૯૯૯૮૭૪૩૨૩૪

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### જાહેર નિવિદા નં, ૩ સને ૨૦૨૧-૨૨
### ટેન્ડર આઇ.ડી.૪૮૮૬૮૬

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, મામલતદાર કચેરી કંમ્પાઉન્ડ, ડીસા-૩૮૫૫૩૫ જિલ્લો-બનાસકાંઠા ટેલીફોન નં.૦૨૭૪૪-૨૨૦૦૩૧ દ્વારા નીચેના કામ માટે "ઈ-ટેન્ડરીંગ" પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. (૧) કામનુંનામ. ડીપોઝીટ વર્ક તળે નટાબેટ તા.સુઈગામ ખાતે ટુરીઝમ વિભાગના બીલ્ડીંગ ખાતે પીવાના પાણી પુરો પાડવા માટે સુઈગામ ખાતે આર.સી.સી સંપ ૫.૦૦ લાખ લી ક્ષમતાનો પીવીસી પાઈપ પુરી પાડી નાંખવા તથા પંપીગ મશીનરી ની કામગીરી (૨)અંદાજીત કિંમતઃ- રૂ.૧૦૫.૬૨ લાખ.(૩) ટેન્ડરમાટે ની પાત્રતા- ગુજરાત સરકારના મા.મ.ગુ.પા.ગ.વ્ય.બો./સિચાઈ વિ.ના અનુસાર "બી" કલાસ અથવા ભારતના અન્ય રાજ્યોમાં અથવા ભારત સરકારમાં સમાન કલાસમાં બાંધકામનું રજીસ્ટ્રેશન ધરાવતા. તથા નાણાકીય અને તાંત્રીક માપદંડ પરીપુર્ણ કરતા ઈજારદાર. (૪) ટેન્ડર રજુ કરવાની છેલ્લી તારીખ -૧૮/૧૧/૨૦૨૧ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી. માહીતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in, & gwssb.org & www.nprocure.com ઉપરથી આ ટેન્ડર નોટીસની વિગતવાર માહિતી જોઇ શકાશે. ટેન્ડર અંગેની વધુ વિગતો અને શરતોની માહીતી ઉપર જણાવેલ કચેરીએથી કચેરી સમય દરમ્યાન મેળવવાની રહેશે.જે સર્વે ને બંધનકર્તા રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા, રદ કરવાની સત્તા ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડની અબાધિત રહેશે. હવે પછીનો સુધારો વેબસાઈટ પર જોવા મળશે.

"ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ ના હેલ્પ લાઈન નં. ૧૯૧૬ જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

કાર્યપાલક ઈજનેર
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
ડીસા

નામાનિ/પાલન/૩૯૬/૨૦૨૧-૨૦૨૨

